Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિ.સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ,સંસ્થાઓના નિયામકશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓને જણાવવાનું કે એકેડેમીક કાઉન્સીલ તા.૧૩/૦૯/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : ૯૭ તથા સિન્ડીકેટ તા.૨૧/૦૯/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : ૧૧૫ અન્વયે પરીક્ષા વિભાગના પરીપત્ર ક્રમાંક : પુનઃમુલ્યાંકન/૧૨૬૬૮/૨૦૧૧ તા.૦૧/૧૧/૨૦૧૧ પર પુનઃવિચારણા કરતાં એકેડેમીક કાઉન્સીલ તા.૧૩/૦૨/૨૦૧૫ ના ઠરાવક્રમાંક : ૭૬ થી ઠરાવ્યા અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫થી પુનઃમુલ્યાંકન ( રી–એસેસમેન્ટ ) તથા ગુણ ચકાસણી (રી–ચેકીંગ)ની વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

- વાર્ષિક પરીક્ષા પધ્ધતિ મુજબ ચાલતા તમામ વિધાશાખાઓના તમામ અભ્યાસક્રમોમાં માત્ર અંતિમ વર્ષમાં જ પુન : મુલ્યાંકન (રી–એસેસમેન્ટ ) કરાવી શકાશે( બે વર્ષનો અભ્યાસક્રમ હોય તો બીજા વર્ષમાં, ત્રણ વર્ષનો અભ્યાસક્રમ હોય તો ત્રીજા વર્ષમા, ચાર વર્ષનો અભ્યાસક્રમ હોય તો ચોથા વર્ષમાં), તે સિવાયના તમામ વર્ષોમાં માત્ર ગુણ ચકાસણી ( રી – ચેંકીગ ) જ કરાવી શકાશે.
- સેમેસ્ટર પરીક્ષા પધ્ધતિ મુજબ ચાલતા તમામ વિધાશાખાઓના તમામ અભ્યાસક્રમોમાં માત્ર અંતિમ વર્ષના બન્ને સેમેસ્ટરોમાં જ પુન : મુલ્યાંકન (રી–એસેસમેન્ટ ) કરાવી શકાશે.( ચાર સેમેસ્ટરનો અભ્યાસક્રમ હોય તો માત્ર ત્રીજા અને ચોથા સેમેસ્ટરમાં, છ સેમેસ્ટરનો અભ્યાસક્રમ હોય તો માત્ર પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરમાં, આઠ સેમેસ્ટરનો અભ્યાસક્રમ હોય તો માત્ર સાતમા અને આઠમાં સેમેસ્ટરમાં, દસ સેમેસ્ટરનો અભ્યાસક્રમ હોય તો માત્ર નવમાં અને દસમાં સેમેસ્ટરમાં ), તે સિવાયના તમામ સેમેસ્ટરમાં માત્ર ગુણ ચકાસણી( રી – ચેંકીગ ) જ કરાવી શકાશે.
- એમ.બી.બી.એસ.માં માત્ર થર્ડ એમ.બી.બી.એસ. પાર્ટ – ૧ તથા થર્ડ એમ.બી.બી.એસ. પાર્ટ – ૨ માં જ પુન : મુલ્યાંકન (રી–એસેસમેન્ટ ) કરાવી શકાશે. તે સિવાયની પરીક્ષાઓમાં માત્ર ગુણ ચકાસણી( રી – ચેંકીગ ) જ કરાવી શકાશે.

પરીક્ષા નિયામક

ક્રમાંક :પુનઃમુલ્યાંન/૨૨૯૩/૨૦૧૫
તા. ૧૯/૦૨/૨૦૧૫
પ્રતિ,

યુનિ. સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, સંસ્થાઓના નિયામકશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

પરીપત્ર ક્રમાંક : પુનઃમુલ્યાંકન/૨૨૯૩/૨૦૧૫ તા. ૧૯/૦૨/૨૦૧૫ અન્વયે ઓકટો./નવેમ્બર/ડિસેમ્બર – ૨૦૧૪ દરમ્યાન આપેલ સ્નાતક કક્ષાએ સેમેસ્ટર – ૫ તથા અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર – ૩ ની પરીક્ષાઓમાં પુનઃમુલ્યાંકન કરાવી શકાશે. જે વિધાર્થીઓએ અગાઉ આ સેમેસ્ટરમાં ગુણ ચકાસણી માટે અરજી કરી હોય તે વિધાર્થીઓએ બાકીની ફી ભરી પુનઃમુલ્યાંકન કરાવી શકશે, તથા અન્ય વિધાર્થીઓ જેમણે ગુણ ચકાસણી માટે અરજી કરેલ નથી તેઓએ પણ તા.૨૭/૦૨/૨૦૧૫ સુધીમાં અરજી કરવાની રહેશે. ત્યારબાદ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

પરીક્ષા નિયામક

ક્રમાંકઃ પુનઃમૂલ્યાંકન/૨૨૯૪/૨૦૧૫

તા. ૧૯/૦૨/૨૦૧૫

પ્રતિ,

યુનિ. સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, સંસ્થાઓના નિયામકશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.